# ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝની શિક્ષણ પ્રત્યે પ્રતિબદ્ધતા ચિત્રાલમાં મલ્ટીપર્પઝ શેડનું લોકાર્પણ

## ફિનોલેક્સની CSR પહેલથી ગ્રામ્ય શિક્ષણને નવી દિશા મળી

**ગુજરાત સેન્ટિનેલ પ્રતિનિધિ : :**
**અજય કુમાર વાઘેલા પાદરા**




પાદરા તાલુકાના ચિત્રાલ ગામે આવેલ શ્રી સાગર વિદ્યાલય ખાતે Finolex Industries Limited દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે મલ્ટીપર્પઝ શેડનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ફિનોલેક્સ કંપની અને તેની CSR ભાગીદાર Mukul Madhav Foundation દ્વારા સામાજિક જવાબદારી અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે સતત સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આ શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે.

લોકાર્પણ પ્રસંગે પાદરા પોલીસ મથકના પીઆઈ વી.એ. ચારણ, પીએસઆઈ જે.ડી. ગઢવી, ફિનોલેક્સ કંપનીના HR હેડ કલ્પેશભાઈ પરમાર, સિવિલ મેનેજર સચિન ભાટિયા, CSR હેડ નિતુલ બારોટ, વિદ્યાલયના પ્રમુખ કનુભાઈ પટેલ, પાદરા તાલુકા ભાજપના મહામંત્રી ભીમસિંહ પઢિયાર, ગવાસદ ડેપ્યુટી સરપંચ કુલદીપસિંહ વાઘેલા તથા સ્વદેશ એનજીઓની કામિનીબેન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી અને મલ્ટીપર્પઝ શેડનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

ફિનોલેક્સ કંપની દ્વારા અગાઉ પણ વિદ્યાલયમાં સેનીટેશન સુવિધા, કોમ્પ્યુટર શિક્ષણ માટે શિક્ષકની વ્યવસ્થા, રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, આરઓ વોટર કુલર, બેન્ચ સહિતના પ્રોજેક્ટો અમલમાં મુકાયા છે, જેના કારણે વિદ્યાર્થીઓને આધુનિક અને સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થયું છે. કંપનીની આ પહેલ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણના વિકાસ માટે પ્રેરણારૂપ બની છે.

આ પ્રસંગે ધોરણ ૮, ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પણ યોજાયો હતો. પીઆઈ વી.એ. ચારણે વિદ્યાર્થીઓને મોબાઈલના સદુપયોગ, કાનૂની જાગૃતિ અને ભયમુક્ત રીતે બોર્ડ પરીક્ષા આપવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આવનાર ૨૬મીથી શરૂ થનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને ધ્યાનમાં રાખીને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પત્ર અને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદાય લેતા વિદ્યાર્થીઓએ સંસ્થા અને ફિનોલેક્સ કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો. ગ્રામ્ય ક્ષેત્રમાં શિક્ષણ, આરોગ્ય અને સામાજિક વિકાસ માટે ફિનોલેક્સ કંપની દ્વારા કરવામાં આવી રહેલી સેવાઓ ખરેખર પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે.